# નયોની અપેક્ષાએ જૈનો

નૈગમનયની અપેક્ષાએ જૈનધર્મને ઓઘ શ્રદ્ધાએ માનતો હોય તો જૈન કહેવાય. ગાડરીયા પ્રવાહે નવકાર ગણતો હોય, પ્રભુની પૂજા કરતો હોય, દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ કરવાનો ભાવ હોય તેમજ તિથિએ નવકારસીનું પ્રત્યાખ્યાન કરતો હોય, તે તે જૈન કહેવાય છે. જૈનના ગુણ પોતાનામાં ન પ્રગટ્યા હોય છતાં ઉપચારથી તેને સ્થાપન કરતો હોય, તે નૈગમનયની અપેક્ષાએ જૈન કહેવાય છે. શ્રાવકના એકવીશ ગુણો, સત્તર ગુણો અને બાર વ્રત વિગેરે પોતાનામાં ન હોય, તો પણ તેના અંશરૂપ પરિણામવડે તે તે ગુણોને પોતાનામાં ઉપચાર કરતો હોય અને વસ્તુતઃ તે તે ગુણો પોતાનામાં પ્રગટ્યા ન હોય, તો પણ નૈગમનયની અપેક્ષાએ જૈન કહેવાય છે. સાધુના વ્રતો અને સાધુના ગુણોમાં એકાંશ પરિણામે પ્રવૃત્તિ કરનાર દ્રવ્યસાધુને નૈગમનયની અપેક્ષાએ સાધુ કહેવામાં આવે છે. નૈગમનય એકાંશરૂપ વસ્તુનો ધર્મ વા તે વસ્તુના પરિણામને ઉત્પન્ન થયેલો જાણી સંપૂર્ણ વસ્તુ ઉત્પન્ન થઈ એમ માને છે. વસ્તુનો એક અંશ પ્રગટ્યો હોય તો તે વસ્તુ ઉત્પન્ન થઇ એમ માનવું, એ નૈગમનયની માન્યતા છે. આખી દુનિયામાં જે જે મનુષ્યો જૈન થવાનો પરિણામ ધારણ કરીને અંશ થકી પણ ધર્મમાં પ્રવૃત્તિ કરે છે, તે તે મનુષ્યો કુલ થકી જૈનો છે. અંતરમાં મિથ્યાત્વી છતાં જેઓ જૈનધર્મની ઉપર ઉપરની ક્રિયાઓ કરે છે, તે સર્વે ઓઘે ગણાતા નૈગમનયની અપેક્ષાએ જૈનો છે. જૈનધર્મનો એક અંશથી પરિણામ ધારણ કરીને એકાંતથી જૈનધર્મમાં પ્રવૃત્ત થનાર

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ નૈગમનયની અપેક્ષાએ ચતુર્વિધ સંઘ ગણાય છે. **સંગ્રહનયની** અપેક્ષાએ સત્તાએ જૈનપણું રહ્યું છે, એવા સર્વ જીવો જૈન કહેવાય છે. સત્તાએ સાધુત્વ, સાધ્વીત્વ, શ્રાવકત્વ અને શ્રાવિકાત્વ રહ્યું છે, એવા સર્વ જીવો સંગ્રહનયની અપેક્ષાએ ચતુર્વિધ સંઘ ગણાય છે તેમજ જૈન ગણાય છે. વ્યવહારનયની અપેક્ષાએ જૈનના આચારો જેઓ પાળતા હોય તેઓ જૈન કહેવાય છે. સંગ્રહનય સામાન્ય ગ્રાહક છે, તેથી સર્વ જીવોમાં સત્તાએ જૈનત્વ માનીને સર્વ જીવોને તે જૈનો કહે છે. **વ્યવહારનય** વિશેષ ધર્મગ્રાહી છે, તેથી આચાર અર્થાત્ જૈનધર્મની ક્રિયાઓને જેઓ કરતા હોય તેઓને જૈન કહેછે. વ્યવહારનયમાં અનેક ગચ્છ–ફિરકાવાલા ક્રિયાઓને કરનારા જૈનો ગણાય છે.

'**ઋ**જુસૂત્ર' મત પ્રમાણે જે જૈનના પરિણામને ધારણ કરનાર હોય તે જૈન કહેવાય છે. ઋજુસૂત્રનય ફક્ત એક વર્તમાનકાળને ગ્રહણ કરે છે, પણ ભૂતકાળ તથા ભવિષ્યકાળને ગ્રહણ કરતો નથી. વર્તમાનમાં જેવા પરિણામ વર્તતા હોય તેને ઋજુસૂત્રનય કહે છે. જૈનધર્મની ક્રિયાઓ કરતો હોય પણ તેના પરિણામ જૈનના નથી, તો તેને ઋજુસૂત્રનય જૈન કહેતો નથી. વર્તમાનમાં જો જૈનના પરિણામ વર્તતા હોય તો તેને'**ઋ**જુસૂત્રનય'જૈનકહેછે.'**શ**બ્દનય'પોતાનીમાન્યતા આગળ ટરીને કહે છે કે–જેનામાં સમ્યક્ત્વ પ્રગટ્યું હોય છે તે જૈન કહેવાય છે. વાસ્તવિક સમ્યક્ત્વ વા નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિવડે મનુષ્ય **જૈન** કહેવાય છે. '**સમભિરૂઢનય**'ની અપેક્ષાએ સમ્યક્પણે જૈન એવા શબ્દનો ભાવાર્થ જે ગ્રહણ કરાય છે તેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે આરૂઢ થાય છે, તે જૈન કહેવાય છે. જૈનપણામાં એકાંશ ન્યૂન હોય તેને સમભિરૂઢનય જૈન કહે છે. ‘એવંભૂતનય’ જૈન એવા શબ્દવડે સંપૂર્ણ અર્થક્રિયાકારિત્વ જેનામાં હોય, પરિપૂર્ણ જૈનપણું, સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રાદિ ગુણો જેનામાં હોય, તેને એવંભૂતનય જૈન કહે છે. એ રીતે સર્વ નયોની અપેક્ષાએ જૈન માની શકાય.

નૈગમનયની અપેક્ષાએ દુનિયામાં ઘણા જૈનો હોઇ શકે, સત્તાએ જૈનપણું માનનાર સંગ્રહનયની અપેક્ષાએ દુનિયામાં ઘણા જૈનો હોઈ શકે, વ્યવહારનયની અપેક્ષાએ દુનિયામાં ઘણા જૈનો હોઈ શકે, પણ નૈગમ અને સંગ્રહ નય કરતાં વ્યવહારનયવડે પહેલા બે નયની અપેક્ષાએ થોડા જૈનો હોઈ શકે. પૂર્વાચાર્યો સામાન્ય જીવ આગળ ત્રણ નય ઉતારવાની ભલામણ કરે છે. વર્તમાનમાં નૈગમ તથા વ્યવહારનયની અપેક્ષાએ ચતુર્વિધ સંઘની માન્યતા વા જૈનની માન્યતા સ્વીકારીને જૈનશાસનની સેવામાં પ્રવૃત્ત થઇ શકાય. નૈયગમનય તથા વ્યવહારનયથી જૈનોને ઓળખી શકાય અને જૈન તરીકે સ્થાપી શકાય. ઋજુસૂત્ર વિગેરે ઉપર ઉપરના નયોની અપેક્ષાએ ન્યૂન, ન્યૂનતર અને ન્યૂનતમ જૈનો હોઇ શકે અને તેવા જૈનોને કેવળજ્ઞાની વિગેરે વિશિષ્ટ જ્ઞાની ઓળખી શકે, છદ્મસ્થ અનુમાનથી ઓળખી શકે. શ્રી તીર્થંકરદેવો વ્યવહારનયની મુખ્યતાએ ચતુર્વિંધ સંઘની સ્થાપના કરે છે, માટે વ્યવહારનય જૈન તરીકે કરાતા વ્યવહારમાં બળવાન છે. સર્વનયોની માન્યતાએ--અપેક્ષાએ જૈનો માનવા યોગ્ય છે. નૈગમનયવડે સર્વને આદ્યમાં જૈનપણું હોય છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org